ISSN: 2319-202X

# નૈતિક મૂલ્યોનું મહત્ત્વ

**પટેલ સંગીતાબેન જે.**
રિસર્ચ સ્કોલર, HNGU, પાટણ
Mo. 9978242217 Email:- patelsangita291@gmail.com

વ્યક્તિ, સમાજ અને સંસ્કૃતિને પોતાનાં આગવાં મૂલ્યો છે. માનવીના વ્યક્તિત્વના આધારસ્તંભો બનતા હોય છે. પ્રાચીન કાળના ઋષિમુનિઓએ પણ મૂલ્યોને માનવજીવનના અંતર્ગત ભાગ તરીકે ગણ્યાં છે. વિવિધ માનવમૂલ્યોનું પાલન કરીને જ વ્યક્તિઓ, સારું જીવન અને ઉન્નત જીવન જીવી શકે છે. કોઠારી પંચે કહ્યું છે કે 'અનિવાર્ય મૂલ્યોથી રહિત એવું જ્ઞાન ભયંકર છે. ઊગતી પેઢીમાં સામાજિક અને નૈતિક મૂલ્યોના હ્રાસ થવો એ બાબત ઘણા ગંભીર સામાજિક જઅને નૈતિક સંઘર્ષોને જન્મ આપે છે, તેથી આપણું જીવન મૂલ્યલક્ષી બનાવવું એ જરૂરી છે. મૂલ્ય અંગે જાગૃતિ અને આચાર એ જરૂરી છે. મૂલ્ય અંગે જાગૃતિ અને આચાર એ મૂલ્યનિષ્ઠાની અનુભૂતિનાં માધ્યમો છે. મૂલ્યો સાર્વત્રિક સ્વીકૃતિ ધરાવે છે. ભારતીય ચિંતનનો મૂલ્યની પીઠિકા ઉપર જ સ્થિર થયું છે. નૈતિક અનુશાસન એ ભારતીય શિક્ષણ વિચારનો પ્રાણ છે.'

કોઠારી પંચ (૧૯૬૪-૬૬)ને શાળાના અભ્યાસક્રમમાં એક ગંભીર ખામી દેખાઈ છે. તે અભ્યાસક્રમમાં સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોને સ્થાન ન હોવાની ખામી. શિક્ષણપંચનું નિરીક્ષણ એવું છે કે ભારતીયજનોમાં મોટાભાગના લોકોના જીવનમાં ધર્મ એ મોટું પ્રવર્તક બળ બની રહ્યું છે. અને તે ચારિત્ર્યના નિમાર્ણ સાથે અને નૈતિક મૂલ્યોના સંસ્કારસિંચન સાથે આંતરિક રીતે સંકળાયેલું છે. એટલા માટે કોઠારી પંચની ભલામણ છે કે જ્યાં જ્યાં શક્ય બને ત્યાં ત્યાં મહાન ધર્મોના નીતિ ઉપદેશોનો સહારો લઈ સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોના સૂગઠિત અને સભાન શિક્ષણ માટે પ્રયત્નો થવા જોઈએ. ૨૧ મી સદીમાં નૈતિક મૂલ્યોનું મહત્ત્વ સમજીને તેને અભ્યાસક્રમમાં લાવવા અતી આવશ્યક બાબત છે.

**મૂલ્યનો અર્થ :**

ભગવદ્ગોમંડલ (૨૦૦૭) માં મૂલ્ય શબ્દનો અર્થ આ પ્રમાણે છે : 'પ્રતિષ્ઠાને યોગ્ય', 'કદર કરવા લાયક' મૂલ્ય માટે શિક્ષણનાં ક્ષેત્ર કરતાં વધુ અનુકૂળ બીજું કયું ક્ષેત્ર હોય ? ચોટલિયા (૧૯૯૩) લખે છે : ''Education is widely regarded as a moral enterprise.''

જોષી (૧૯૯૮) એ ફેકલેની મૂલ્યની વિવરણાત્મક પરિભાષા આ પ્રમાણે સ્પષ્ટ કરી છે. "મૂલ્ય એક વિચાર છે. સંકલ્પના છે, એટલે કે જીવનમાં કંઈક મહત્ત્વપૂર્ણ હોવા વિષેનો

વિચાર કે સંકલ્પના જ્યારે મનુષ્ય કશાકનું મૂલ્ય કરે છે ત્યારે તે કંઈક કરવા યોગ્ય કે મેળવવા માટે પ્રયત્ન કરવા યોગ્ય હોવાનું સુચવાય છે."

**મૂલ્યના પ્રકાર :**

પટેલ (૧૯૯૫) મૂલ્યના પ્રકાર આ પ્રમાણે આપે છે.

**(૧) વ્યક્તિગત મૂલ્ય :**

વ્યક્તિના જન્મજાત વારસા, રસ, રુચિ, સંસ્કાર, પર આધારિત આ મૂલ્યો છે. કૌંટુબિક સંસ્કાર અને કુટુંબ, નિવાસને કારણે આ મૂલ્યો ઉભાં થાય છે. જીવન શૈલીના ઘડતરમા આ મૂલ્યોનું યોગદાન વિશેષ છે. આ મૂલ્ય અંતર્ગત શ્રમનું ગૌરવ, ઉધમશીલતા, કર્તવ્યપરાયણતા, વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ, વ્યક્તિ સન્માન, જુસ્સો, સ્વશિસ્ત, સખત મહેનત, ઈન્દ્રિઓ પરનો કાબૂ, સહનશક્તિ, વિદ્યાજ્ઞાન પ્રીતિ સંવેદનશીલતા, આત્મગૌરવ, આત્મવિશ્વાસ, શીલ (ચારિત્ર્ય), નેતૃત્વ, ધ્યેયનિષ્ઠા વગેરે મૂલ્યોનો સમાવેશ થાય છે.

**(૨) સામાજિક મૂલ્ય :**

સમાજમાં પ્રવર્તમાન વ્યવહારગત સામાજિક નીતિનિયમો અને વિધિ નિષેધોને કારણે આ મૂલ્યો ઊભા થાય છે. સામાજિક સંપર્ક અને સામાજિક ચારિત્ર્યને લગતી બાબતોનો આમાં સમાવેશ થાય છે. સામાજિક મૂલ્યોમાં સંતોષની માત્રા દીર્ઘકાલીન છે. આ મૂલ્ય અંતર્ગત જાહેર મિલકતની સંભાળ, સહકાર, સામાજિક ન્યાય, બંધુત્વ, કરુણા, ક્ષમા, લૈગિક, સભાનતાનું નિર્મૂલન, પારિવારિક ભાવના વગેરે પેટા મૂલ્યોનો સમાવેશ થાય છે.

**(૩) સાંસ્કૃતિક મૂલ્યો :**

આ બધાં મૂલ્યો મૂળભૂત મૂલ્યો છે. જે સમાજમાં વ્યક્તિગત રહે છે. તેની પેઢી દર પેઢી ચાલી આવતી પસંદિત સિધ્ધિએ કે જેનું અન્ય સમાજમાં ગૌરવ છે તે સિધ્ધિઓનું કારણે આ મૂલ્ય ઊભાં થાય છે. આ મૂલ્યોને કારણ જે તે સમાજનું એક વિશેષ ચિત્રણ સમાવિષ્ટમાં હોય છે. આ મૂલ્ય અંતર્ગત સત્ય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, સ્વાશ્રય, અસ્પૃશ્યતા, સર્વધર્મ સમભાવ, ધાર્મિક સહિષ્ણુતા સાંસ્કૃતિક વારસાની જાળવણી, ચોરી ન કરવી, આર્જવ, અવૈર જેવા પેટા મૂલ્યોનો સમાવેશ થાય છે.

**(૪) આર્થિક મૂલ્યો :**

આર્થિક મૂલ્યો ઉત્પાદક મૂલ્ય છે. આ મૂલ્યોના સંદર્ભમાં પ્રવૃત્તિ કરવાથી વ્યક્તિને જીવન વ્યવહારમાં આવશ્યક દ્રવ્ય, પૈસા, સાધન-સામગ્રી વગેરે મળે છે. આ પ્રવૃત્તિઓ સાથે સામાજિક આદર્શના જોડાણથી આ મૂલ્યો ઊભાં થયા છે. આ મૂલ્ય અંતર્ગત ધનઉપાર્જન, શોષણવિહીન અર્થવ્યવસ્થા, ઉત્પાદકતા જેવા પેટા મૂલ્યોનો સમાવેશ થાય છે.

**(૫) રાષ્ટ્રીય મૂલ્યો :**

રાષ્ટ્રે મેળવેલી સિદ્ધિઓ કરતું હોય અને ચોક્કસ કાયદા કાનૂન હેઠળ પણ તેમને આવરી લેવાયેલ હોય. તેમને પોષક નહી તેવી પ્રવૃત્તિઓ હોય. આ મૂલ્ય અંતર્ગત રાષ્ટ્રપ્રેમ/વતનપ્રેમ, સ્વાતંત્ર્ય, વિચાર, વાણી, વર્તન સ્વાતંત્ર્ય, રાષ્ટ્રીયતા, લોકશાહી વલણ, નાગરિકતા, સ્વાર્પણભાવના, વસ્તી વિસ્ફોટની સભાનતા, નિરક્ષરતા નિવારણ જેવા પેટા મૂલ્યોનો સમાવેશ થાય છે.

**(૬) નૈતિક મૂલ્યો :**

વ્યક્તિની આચરમીમાંસા વિષયક કેટલીક બાબતો કે જે વ્યક્તિની સમાજ સાથેની આંતરક્રિયા દરમ્યાન અભિવ્યક્ત થતી હોય, સામાજિકતાને કારણે આ મૂલ્યો ઊભાં થાય છે અને વ્યક્તિને વૈશ્વિક મૂલ્યોની પ્રાપ્તિમાં મદદરૂપ થાય છે. આ મૂલ્ય અંતર્ગત શુદ્ધતા, પ્રમાણિક્તા, માનવતા, નૈતિક હિંમત, ન્યાય, અન્યની લાગણીનો સ્વીકાર, નિખાલસતા, નીતિમય વ્યવહાર, ખેલદિલી જેવાં પેટા મૂલ્યોનો સમાવેશ થાય છે.

વ્યક્તિની કેટલીક પરાભૌતિક માન્યતાઓ અને પરાભૌતિક બાબતો સાથેના જોડાણનો સ્વીકાર કરવાનો ગુણ-ધર્મ અંગેની વ્યક્તિ નિષ્ઠ બાબતોને કારણે આ મૂલ્યો ઊભાં થાય છે. વૈશ્વિક મૂલ્યો છે. આ મૂલ્યોમાં પ્રભુપ્રેમ, બ્રહ્મનિષ્ઠા, પ્રકૃતિચિત્રણ, આનંદ, તપશ્ર્ચર્યા, ધાર્મિક્તા, આધ્યાત્મિક ડહાપણ, જેવા પેટા મૂલ્યોનો સમાવેશ થાય છે.

**(૭) આંતરરાષ્ટ્રીયમૂલ્યો :**

આ મૂલ્ય અંતર્ગત સહઅસ્તિત્વ, પારસ્પરિક સહકાર, વિશ્વનાગરિકતા જેવા પેટા મૂલ્યોનો સમાવેશ થાય છે.

**નૈતિક મૂલ્યોનું મહત્ત્વ :**

મૂલ્યો જ માનવીને માનવ બનાવે છે. મૂલ્યોના પ્રકારોનું જેટલું મહત્ત્વ છે, તેટલું જ મહત્ત્વ મૂલ્યોની સમજ કેળવીને વ્યક્તિ મૂલ્યોના થતા હ્રાસને બચાવવા પ્રયત્ન કરે. આચરવાની નિષ્ઠાપૂર્વક મથામણ કરે તે આજની જરૂરિયાત છે. વિશ્વમાં સૌથી આધ્યાત્મિક એવા ભારત દેશને વધુ આધ્યાત્મિક અને મૂલ્યનિષ્ઠ બનાવીને તેની ગરિમા અને ગૌરવને જાળવી રાખવાની પ્રત્યેક ભારતીયની ફરજ છે. શાળા કક્ષાએ આપણે સૌંને મૂલ્યોનું શિક્ષણ આપીને શિક્ષક આ દેશને જરૂર બચાવી લેશે.

અહીં નૈતિક મૂલ્યોનું મહત્ત્વ કેટલું છે. એ બતાવવામાં આવેલ છે. નૈતિક મૂલ્યોનું મહત્ત્વ સમજીને તેને અભ્યાસક્રમમાં લાવવું ૨૧ મી સદી માટે અતિ આવશ્યક બાબત છે.

આજે દિન-પ્રતિદિન જોવામાં, સાંભળવામાં, સમાચાર પત્રો વાંચવામાં એ અનુભવ થઇ રહ્યો છ કે આજે મંત્રીથી લઇને IAS અધિકારી ભ્રષ્ટાચારમાં ડૂબ્યા છે. ભ્રષ્ટાચારને કારણે સંસદ ચાલતી નથી, વિકાસના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે. મોટા મોટા

ISSN: 2319-202X

ભ્રષ્ટાચારી ગુનેગારો કરોડો રૂપિયા આપીને છૂટી જાય છે અને નિરાંતના શ્વાસ લે છે. જ્યારે નાના-નાના ગુનેગારો આજીવન કેદની સજા ભોગવે છે.

લાલબહાદુર શાસ્ત્રી, અટલજી એવા નેતા હતા કે જે નૈતિક મૂલ્યોને મહત્ત્વ આપ્યું છે. ભૌતિક સુવિધાઓ તરફ ધ્યાન આપવામાં આવે છે.

દરેક ખાદ્ય પદાર્થ જેવા કે બેસન, દાળ, ચોખા, મરચું, ઘી, ગોળ, તેલમાં ભેળસેળ થઇ રહી છે. વ્યાપારી વર્ગ વધારે નફાની લાલચમાં નૈતિક મૂલ્યોને તિલાંજલી આપી રહ્યા છે. આજે નૈતિક મૂલ્યોના અભાવમાં પરિવાર ટૂટવા લાગ્યો છે. પોતાના બાળકો-પત્નિ સિવાય કોઇના પર ધ્યાન આપવામાં આવતું નથી. પહેલાં નૈતિક મૂલ્યોને કારણે સંયુક્ત કુટુંબ સાથે હરીમળીને સૌ રહેતાં હતાં. નૈતિક મૂલ્યોના અભાવને કારણે સંયુક્ત કુટુંબો જોવા મળતાં નથી.

આધ્યાત્મિકતાનો અર્થ કોઇ ખાસ સંપ્રદાયથી નથી. આધ્યાત્મિકતાનો અર્થ છે. પોતાના અંતરાત્માનાં અવાજ અનુસાર કર્તવ્યનું પાલન કરવું. શ્રીરામ શર્મા આચાર્ય, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી જેવા મહાનપુરુષોએ જીવનભર નૈતિક મૂલ્યોને પોતાના જીવનમાં મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. અને તેઓ અંતરાત્માનાં અવાજ અનુસાર કાર્ય કરતા હતાં.

જો જીવનમાં ઉચ્ચ આદર્યો, નૈતિક મૂલ્યોને મહત્ત્વ આપવામાં આવે તો પરિવારથી લઇને સમાજ અને સમાજથી લઇને રાષ્ટ્રના દરેક ક્ષેત્રનો બહુમુખી વિકાસ કરી શકીએ છીએ. આજ ન્યાયાલય પણ નૈતિક મૂલ્યોના અભાવને કારણે સાચો ન્યાય આપી શકતા નથી.

નૈતિક મૂલ્યોના અભાવના કારણે વ્યક્તિના ચારિત્રમાં અવરોધો ઉભા થાય છે. આજે અપરાધીઓનો ગ્રાફ દરેક વર્ષે વધતો જ જાય છે. ચોરી, બળાત્કાળ, હત્યાઓ એટલા માટે થઇ રહી છે કે વ્યક્તિ પોતાના જીવનમાં ઉચ્ચ આદર્શો, નૈતિક મૂલ્યોને સ્થાન આપતા નથી. એટલા માટે બાળકોને ઉચ્ચ આદર્શો અને સારા સંસ્કારોની જરૂર છે. આપણે પોતાના ચારિત્રથી વ્યવહારથી, બાળકના સામે નૈતિક મૂલ્યોનો આદર્શ પૂરો પાડીએ.

આજના બાળકોએ આવતી કાલનું ભવિષ્ય છે. તેથી શિક્ષણની સાથે સાથે નૈતિક મૂલ્યોને જીવનમાં સ્થાન આપી આપણે આપણું દરેક કાર્ય આપણા અંતરાત્મા તેમજ ઉચ્ચ આદર્શોને ધ્યાનમાં રાખીને કરીએ. પરિવાર એ બાળકોની પહેલી શિક્ષણ સંસ્થા છે. તેથી દરેક માતા-પિતાએ પોતાનું આચરણ શુદ્ધ, સરલ-પવિત્ર, મર્યાદાપૂર્ણ રાખવું જોઇએ. આજે જે સંસ્કાર બાળકોને આપવામાં આવશે તે આગળ જઇને દેશ અને સમાજના પરિવારના વિકાસમાં સહાય બનશે.

ઈમાનદારી, સત્યતા, વિવેક, નીતિમય વ્યવહાર, પ્રમાણિક્તા, શુદ્ધતા, માનવતા, ન્યાય, પ્રલોભનોથી દૂર રહેવું એ નૈતિક મૂલ્યોના આદર્શ તત્ત્વ છે. એ આદર્શ તત્ત્વોથી જીવનમાં આધ્યાત્મિકતાનો જન્મ થાય છે. એક આદર્શ પરિવાર અથવા દેશના સંચાલન માટે પરિવારની બધા સભ્યો અથવા દેશના બધા નાગરિકો નૈતિક મૂલ્યો જીવનમાં ઉતારેને તો પરિવાર અને દેશમાં શાંતિ રહેશે. જો પરિવાર અથવા દેશમાં સ્વાર્થવૃત્તિ અને પદની લાલશા ચાલુ રહેશે તો પરિવાર પણ ટૂટશે અને રાષ્ટ્ર પણ ભ્રષ્ટાચારથી પ્રદૂષિત થશે એટલા માટે સરકારને સ્વાર્થ છોડીને, પ્રલોભનોથી દૂર રહીને આપણા વ્યક્તિગત જીવનમાં વિનમ્રતા, ત્યાગ, પરોપકાર ને જીવનમાં સ્થાન આપવું પડશે. ત્યારેજ આપણે એક આદર્શ પરિવારનો વિચાર કરી શકીએ છીએ. એક આદર્શ અને સુખી રાષ્ટ્રનું સ્વપ્ન સાકાર કરી શકીએ છીએ.

આ ઉપરાંત ૨૦મી સદીના અંતિમ બે-ત્રણ દાયકાઓમાં કેળવણીકાર હોય કે રાજનીતિજ્ઞ હોય, અર્થશાસ્ત્રી હોય કે સમાજશાસ્ત્રી, આ બધાએ સામાન્ય અવલોકન કર્યું છે કે, જીવન મૂલ્યોનો હ્રાસ આ હકીકત છે. જ્યાં સુધી આ હ્રાસ અટકે નહિ અથવા તેની માત્રા ઘટે નહિ. ત્યાં સધી સારા જીવનની કલ્પ્ના જ ન થઈ શકે. જે કોઈ માનવ-માનવ વચ્ચે અને વ્યવસ્થાઓ માટે ઈષ્ટ છે અને શ્રેયસ્કર છે તે મૂલ્યવિચાર અને મૂલ્યનિષ્ઠ વ્યવહાર છે. મૂલ્ય અંગે જીવન આચરણમાં પણ મૂલ્યનિષ્ઠાનો અનુભવ કરાવે છે.

મૂલ્ય કે મૂલ્યો એ સાર્વત્રિક સ્વીકૃતિ ધરાવે છે. ભારતીય ચિંતન તો મૂલ્યની પીઠિકા ઉપર જ સ્થિર થયું છે. કારણ કે નૈતિક અનુશાસન એ ભારતીય શિક્ષણ વિચારનો પણ છે. આદર્શવાદીઓ હોય, વ્યવહારવાદીઓ હોય કે નવરચનાવાદીઓ હોય તેવોએ પણ સંદર્ભ બાબતે જે ભિન્નતાઓ સમજાવવાની છે તે મૂલ્યોની છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીને પોતાને માટે અને સમાજને માટે શ્રેયસ્કર શું છે તે સમજાવવું જરૂરી છે. મૂલ્ય અંગે વિદ્યાર્થીઓને સભાન કરીએ તો જીવન વ્યવહારમાં પણ તેઓ મૂલ્યલક્ષી વર્તન કરે અંતે, ઉત્તમ પ્રતિ નહિ તો કમસે કમ વધુ સારા જીવન પ્રતિ તેમનું પ્રયાણ થાય છે.

**સંદર્ભસૂચિ :**

ભગવતસિંહજી, ભગવદ્ગોમંડલ, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૨૦૦૭, ભાગ-૮, પૃ. ૭૩૨૬.

Chotalia, M.A. (1993). Dialogue in Education. Ph.D. Vallabh Vidynagar: S.P. Univerisity, 193, Page : 112.

જોષી, એ.ઓ. (૧૯૯૮) મૂલ્યશિક્ષણ, રાજકોટ, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ૧૯૯૮, પૃ. ૧૧

પટેલ, એચ. એસ. (૧૯૯૫)મૂલ્યલક્ષી શિક્ષણ શિક્ષક નિદર્શિની વલ્લભ વિદ્યાનગર : પટેલ પ્રેસ, ૧૯૯૫, પૃ. ૧૯